કારની ટક્કરે બાઈક હવામાં ફૂટબોલની માફક ફંગોળાઈ

બાઈક રોડ સાઈડ ખાડામાં ખાબકતા એકનું મોત, કાર ચાલક ફરાર

ધનસુરા, તા.૧૨

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિકના નિયમનો ઉલાળિયો કરી વાહનચાલકો બેફામ વાહન હંકારતા નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકોને અડફેટે લેતા જીવ ગુમાવવો પડી રહ્યો છે ધનસુરા-બાયડ રોડ પર પેટ્રોલપમ્પ નજીક કારે ધડાકાભેર બાઈકને ટક્કર મારતા કારની ટક્કરે બાઈક હવામાં ફૂટબોલની માફક ફંગોળાઈ રોડ સાઈડમાં બાઈક ખાબકી હતી બાઈક સવાર આધેડ રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માતની ઘટનાનાને પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ધનસુરા પોલીસ તાબડતોડ અકસ્માત સ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહીતી અનુસાર, ઉત્તર પ્રદેશના અને વર્ષોથી ધનસુરા સ્થાઈ થયેલ મંગલસિંહ તિવારી નામના આધેડ ધનસુરાના આજુબાજુ પંથકમાં આવેલ કંપામાં નોકરી કરી જીવનનિર્વાહ ચલાવી રહ્યા હતા ધનસુરા થી બાયડ તરફ બાઈક લઈ કામકાજ અર્થે નીકળ્યા હતા ત્યારે ધનસુરા નજીક બાયડ રોડ પર આવેલ પેટ્રોલપંપ નજીક પુરઝડપે ગફલતભરી રીતે હંકારી પસાર થતા કાર ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા બાઈક હવામાં ફંગોળાઈ રોડ નજીક રહેલા ખાડામાં ખાબકી હતી બાઈક સવાર મંગલસિંહ રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર જ પ્રાણ પંખેરું ઉડી જતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ધનસુરા પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક મંગલસિંહ ની લાશને પીએમ માટે દવાખાને ખસેડી હતી અકસ્માતના પગલે મૃતકના પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી ધનસુરા પોલીસે અકસ્માત સર્જી કાર ઘટનાસ્થળે મૂકી ફરાર કાર ચાલક વિરુદ્ધ કાયદેદારની કાર્યવાહી હાથધરી હતી

પ્રાંતિજ ખાતે ખિલખિલાટ વાન નવી આવતા વધામણા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ખિલખિલાટ વાન નવી આવતા પ્રાંતિજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના સ્ટાફ દ્વારા વિધિવત વધાવવામા આવી. પ્રાંતિજ ખાતે અગાઉ આપેલ ખિલખિલાટ વાનના કિલોમીટર પુરા થતા ગુજરાત સરકાર ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બીજી નવી ખિલખિલાટ વાન આપવામા આવી હતી તો પ્રાંતિજ આરોગ્ય કેન્દ્ર ના સ્ટાફ દ્વારા નવી ખિલખિલાટ વાન આવતા મહિલા સ્ટાફ દ્વારા નવી આવેલ ખિલખિલાટ વાન ની પુજા કરી વધાવવામા આવી હતી તો નવી ખિલખિલાટ વાન આવતા આરોગ્ય સ્ટાફ મા ખુશી જોવા મળી હતી .

થરાના ઉણ પાસે ટ્રેઈલર પાછળ ટ્રેઈલર ઘુસી જતા બેના મોત

પાલનપુર, તા.૧૨

રાધનપુર-પાલનપુર હાઈવે પર આગ લાગેલા ટ્રેઈલરની પાછળ અન્ય ટ્રેઈલર ઘુસી જતાં ચાલક અને ક્લિનર જીવતાં જ ભુંજાઈ ગયા હતા. શુક્રવારે વહેલી સવારે હાઈવે પર એક ટ્રેઈલરમાં બે ટાયર ફાટ્યા બાદ તેમાં આગ લાગતાં ચાલકે ટ્રેઈલર સાઈડમાં ઉભુ કરી આગ બુઝાવવાના પ્રયાસો કર્યા હતા. આ દરમ્યાન પાછળથી અન્ય એક ટ્રેઈલર પુરઝડપે આવતું હોઈ આગ લાગેલ ટ્રેઈલરમાં ઘુસી ગયુ હતુ. જેમાં બીજા ટ્રેઈલરના ચાલક અને ક્લિનરનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયુ હતુ. ઘટનાને લઈ થરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના રાધનપુર-પાલનપુર હાઈવે પર ઉણ ગામ નજીક વહેલી સવારે અકસ્માતની ઘટનામાં બે લોકોના મોત થયા છે. વહેલી સવારે રાજસ્થાનના રામેશ્વરલાલ મીણાં મોરબીથી ટ્રેઈલરમાં ટાઈલ્સો ભરી ગાજીયાબાદ જઈ રહ્યા હતા. આ દરમ્યાન ઉણ ગામના પાટીયા પાસે અચાનક તેમના ટ્રેઈલરના પાછળના બે ટાયર ફાટતાં આગ લાગી હતી. જેથી તેમને તાત્કાલિક ટ્રેઈલર સાઈડમાં કરી આગ બુઝાવવા પ્રયાસ કર્યા હતા. આ દરમ્યાન અચાનક અન્ય એક ટ્રેઈલર પુરઝડપે આવતું હોઈ આગ લાગેલાં ટ્રેઈલરની પાછળ ઘુસી ગયુ હતુ.

વહેલી સવારે આગ લાગેલાં ટ્રેઈલરની પાછળ અન્ય ટ્રેઈલર ઘુસી જતાં ચાલક અને ક્લિનર આગમાં જીવતાં ભુંઝાઈ ગયા હતા. આગ લાગેલાં ટ્રેઈલર પાછળ ઘુસી જવાથી ચાલક અને ક્લિનરને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી ઘટનાસ્થળે જ તેમનું કરૂણ મોત થયુ હતુ. મૃતદેહને પોસ્ટમોર્ટમ અંગે મોકલી આપી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ ૧૬મીએ ખુલશે

પ્રાઇસ બેન્ડ ઇક્વિટી શેરદીઠ રૂ. ૮૬ થી રૂ. ૮૭ નક્કી કરી : ઓફર ૧૬ માર્ચ, ૨૦૨૧ને મંગળવારથી ૧૮ માર્ચ, ૨૦૨૧ સુધી ખુલ્લી રહેશે

ટેકનોપેક રિપોર્ટ મુજબ ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી આવકને આધારે ભારતમાં સૌથી મોટી જ્વેલરી કંપનીઓ પૈકીની એક કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડ (''કંપની'')ના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) ૧૬ માર્ચ, ૨૦૨૧ના રોજ આવશે (''ઈક્વિટી શેર'' અને આ પ્રકારની ઈનિશિયલ પબ્લિક ઓફર, ''ઓફર'') આ ઓફર ૧૮ માર્ચ, ૨૦૨૧ના રોજ બંધ થશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૮૬ થી રૂ. ૮૭ નક્કી કરવામાં આવે છે.

ઓફરમાં રૂ. ૧૧,૭૫૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફર સામેલ છે. જેમાં (એ) રૂ. ૮,૦૦૦ મિલિયન સુધીના ફ્રેશ ઈશ્યૂ (''ફ્રેશ ઈશ્યૂ'') અને (બી) રૂ. ૩,૭૫૦ મિલિયન સુધીના વેચાણ માટેની ઓફર, જેમાં શ્રી ટી એસ કલ્યાણરામન (''પ્રમોટર વિક્રેતા શેરધારક'') દ્વારા રૂ. ૧,૨૫૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર અને હાઈડેલ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ દ્વારા રૂ. ૨,૫૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના વેચાણની ઓફર (''રોકાણકાર વિક્રેતા શેરધારક'' અને સંયુક્તપણે પ્રમોટર વિક્રેતા શરેધારક, ''વિક્રેતા શેરધારકો'') સામેલ છે.

ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ (''એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન'') દ્વારા સબસ્ક્રિપ્શન માટે રૂ. ૨૦ મિલિયન સુધીનું રિઝર્વેશન સામેલ છે. એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન સિવાયની ઓફરનો અહી ઉલ્લેખ ''નેટ ઓફર'' તરીકે કર્યો છે. બિડ્સ લઘુત્તમ ૧૭૨ ઈક્વિટી શેર માટે અને પછી ૧૭૨ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફર સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ના નિયમન ૩૧, જેમાં સમયે સમયે થયેલા સુધારા (''સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ'') સાથે સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટસ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭ના રુલ ૧૯(૨)(બી)ને વાંચીને કરવામાં આવી છે. ઓફર સેબી આઈસીડીઆરના નિયમન ૭(૧)નું પાલન કરીને બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો ક્વોલિફાઈડ બાયર્સ (''ક્યુઆઈબી'' અને આ પ્રકારનો પોર્શન ''ક્યુઆઈબી પોર્શન'')ને સપ્રમાણ આધારે ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં શરત એ છે કે, કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચા વિચારણા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા હિસ્સો વિવેકને આધારે એન્કર રોકાણકારોને ફાળવી શકે છે. (''એન્કર ઈન્વેસ્ટર પોર્શન'') એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો મહત્તમ એક-તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડો માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એન્કર રોકાણકારોને થયેલી ફાળવણીની કિંમતે કે એનાથી વધારે કિંમતે (''એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ'') પ્રાપ્ત માન્ય બિડ્સ મળવાને આધિન છે. ઉપરાંત ક્યુઆઈબી પોર્શનનો ૫ ટકા હિસ્સો (એન્કર ઈન્વેસ્ટર પોર્શનને બાદ કરતાં) મ્યુચ્યુઅલ ફંડ્સને સપ્રમાણ આધારે ફાળવણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ્સ સહિત તમામ ક્યુઆઈબી (એન્કર રોકાણકારો સિવાય)ને સપ્રમાણ આધારે ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે ઓફર પ્રાઈસ પર કે એનાથી વધારે કિંમત પર માન્ય બિડ્સ મળવાને આધિન છે.

રાજ્યમાં કોરોનાના નવા ૭૧૫ કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં બે વ્યક્તિનું મોત : અત્યાર સુધીમાં કુલ ૨૬૮૧૯૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૪૫ કેસ

ગાંધીનગર,તા.૧૨

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૭૧૫ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૪૯૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે બે વ્યક્તિના કોરોનાથી મોત નિપજ્યાં છે. જો કે, રાજ્યમાં કુલ ૨,૬૮,૧૯૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં દર્દીઓનો સાજા થવાનો દર ૯૬.૯૫ થઈ ચુક્યો છે. આ ઉપરાંત ૨,૬૮,૧૯૬ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. અત્યાર સુધીમાં કુલ ૧૮,૩૮,૩૮૨ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૪,૬૧,૪૩૪ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૧૦,૧૩૦ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. જો કે હવે ફરી એકવાર કોરોનાની સ્થિતી ગંભીર બની રહી છે. રાજ્યમાં ભાવનગર, બોટાદ, ડાંગ, પોરબંદર અને સુરેન્દ્રનગર એમ કુલ ૦૫ જીલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયેલ નથી. રાજ્યમાં કોવિડ-૧૯ના ૭૧૫ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૪૯૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૬.૯૫ ટકા જેટલો છે.

આરોગ્ય વિભાગની સતત કામગીરીના કારણે ૨,૬૮,૧૯૬ કુલ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૪૦૦૬ એક્ટિવ દર્દી છે જે પૈકી ૫૧ લોકો વેન્ટીલેટર પર છે. ૩૯૫૫ લોકો સ્ટેબલ છે. ૨,૬૮,૧૯૬ લોકોને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ૪૪૨૦ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનનાં ૧ અને સુરત કોર્પોરેશનમાં ૧ કોરોના દર્દીનું મોત નિપજ્યું હતું. જેના કારણે કોરોનાને કારણે આજનાં દિવસમાં કુલ ૨ લોકોનાં મોત નિપજ્યાં હતા.

પાલનપુર ગુરૂનાનક ચોક રેલ્વે ઓવર બ્રિજને ઉંચો કરવાની કામગીરી દરમિયાન વચ્ચેના ભાગની

સેફટી એકર પાઈલ માટી સાથે ધસી પડી

સદનશીબે મોટી જાનહાની ટળી : ધસી પડેલ જગ્યાના ઉપરના ભાગ પરથી વાહન વ્યવહાર તાત્કાલીક બંધ કરાયો : ટ્રાફીક જામ થતા પોલીસ દોડી આવી ટ્રાફીક વ્યવહાર કાર્યરત કરાયો

પાલનપુર

પાલનપુર ગુરૂનાનક ચોક થી કોઝી તરફ જતા ઓવરબ્રિજને ઉંચો બનાવવાની કામગીરી ચાલી રહી છે.જેમાં ગુરૂવારે ચાલુ બ્રિજના નીચેના ભાગે સેપ્ટી માટે તૈયાર કરેલ એક એકર પાઈલ માટી સાથે ધસી પડી હતી.જેના પગલે રેલ્વે વિભાગના અધિકારીઓ દોડી આવ્યા હતા.અને જે ભાગેથી ધસી પડ્યુ હતુ.તે જગ્યા પરથી વાહન વ્યવહાર બંધ કરાવી રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેના પગલે બ્રિજના ઉપરનો ભાગ સાંકડો થતા ભારે વાહન જતા રોકી દેવામાં આવ્યા હતા.જેથી ટ્રાફીક જામ થતા પોલીસ દોડી આવી હતી.અને ટ્રાફીક કાર્યરત કરાવવામાં આવ્યો હતો.

પાલનપુર ગુરૂનાનક ચોક થી કોઝી તરફ જતા માર્ગ ઉપર આવેલ રેલ્વે બ્રિજની ઉંચો બનાવવાની કામગીરી ચાલી રહી છે.એમાં પ્રથમ એક બ્રિજ બંધ કરી એક બ્રિજના બે ભાગ પાડી વાહનોની અવર-જવર કરાવવામાં આવી રહી છે.અને બીજા બ્રિજને ઉંચો કરવા માટેની કામગીરી ચાલી રહી છે.જેમાં ગુરૂવારે વહેલી સવારે જે બ્રિજ ઉપરથી વાહન વ્યવહાર ચાલી રહ્યો છે. તે બ્રિજના રોડના લેયરના નીચેના ભાગે સેફટી માટે તૈયાર કરેલ સેપ્ટી એકર પાઈલ માટી સાથે ધસી પડી હતી.જેથી બ્રિજના રોડનો નીચેનો એક એકર પાઈલ જેટલો ભાગ પોલાણ વાળો થતા રેલ્વે વિભાગના અધિકારીઓ દોડી આવ્યા હતા.અને પોલાણ વાળી જગ્યા પર એક મજુરને ઉભો કરી પોલાણ વાળી જગ્યા પરથી ભારે વાહનો જતા અટકાવવામાં આવ્યા હતા.જેના પગલે બ્રિજ ઉપર સાંકડી જગ્યા થતા ટ્રાફીક જામ થયો હતો.જેની જાણ પોલીસ ને થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી ટ્રાફિક ખુલ્લો કરાવવાની કામગીરી હાથ ધરી હતી.જો કે આ ઘટના બની તે સમયે નીચેના ભાગે કોઈ મજુરો કામ કરતા ન હોવાથી મોટી જાન હાની ટળી હતી.આ અંગે રેલ્વે વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ કે રેલ્વેના નીચે બોગદુ બનાવવાની કામગીરી ચાલી રહી છે.જેમાં એક બાજુનું બોગદુ તૈયાર થઈ ગયુ છે.અને રામલીલા મેદાનથી રેલ્વે સ્ટેશન તરફનું બોગદુ બનાવવાની કામગીરી ચાલી રહી છે.જેમાં સેફટી માટે આડી તેમજ ઉભી લોખંડના બિમ પણ ઉભા કરાયા છે.તેમજ સેફટી એકર પાઈલ પણ તૈયાર કરવામાં આવી છે.પરંતુ બ્રિજના વચ્ચેના ભાગે વધારાની સેલ્ટી એકર પાઈલ ઉભી કરેલી હતી.તે માટી સાથે ધસી પડી હતી.જેનાથી કોઈ જાનમાલને નુકશાન થયુ નથી.એક દિવસ બ્રિજનું કામ બંધ કરી જે જગ્યાએથી સેલ્ફી પાઈલ ધસી છે.

અરવલ્લી જિલ્લામાં આઝાદીકા અમૃત મહોત્સવ ઉજવણી મોડાસા ખાતે યોજાઈ

પર્યાવરણ જાગૃતિ, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ઉદ્દેશ્ય સાથે રાષ્ટ્રવ્યાપી 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણીના ભાગરૂપે મોડાસાના ભા.મા.શા. હોલ મ.લા. ગાંધી કોલેજ કેમ્પલસ ખાતે મા.શીશપાલસિંહ રાજપુત, યોગ બોર્ડના અધ્યક્ષશ્રી ગુજરાત રાજયના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવી હતી.

ભારતની સ્વતંત્રતા આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા દેશ-રાજયમાં ઠેર-ઠેર લોકજાગૃતિ અને રાષ્ટ્રપ્રેમ દેશભક્તિની યુવાપેઢીમાં ચેતના જગવતા કાર્યક્રમો યોજવામાં આવશે. મુખ્ય કાર્યક્રમ ૧૨ માર્ચે ગાંધી આશ્રમ અમદાવાદ ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મહાનુભવોના હસ્તે દાંડીયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો

પ્રાસંગિક પ્રવચનમાં અધ્યક્ષશ્રીએ જણાવ્યુ હતુ ભારતની સ્વતંત્રતા આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા દેશ-ઠેર-ઠેર લોકજાગૃતિ અને રાષ્ટ્રપ્રેમ દેશભક્તિની યુવાપેઢીમાં ચેતના જગાવવા, આત્મનિર્ભર ભારતનો મંત્ર જન જન સુધી પહોંચે અને જનજનનો મહોત્સવ બને.

આ કર્યક્રમાં જિલ્લા કલેકટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડાં અનિલ ધામેલિયા, નિવાસી અધિક કલેકટરશ્રી આર.જે.વલવી, પ્રાંત અધ્કારીશ્રી મયંક પટેલ, અગ્રણીશ્રી રાજુભાઈ પટેલ, ભીખાભાઈ ડામોર, નાગરિકો વગેરે ઉપસ્થિત રહયા હતા.

મહાશિવરાત્રીના દિવસે ગુરૂવારે પાલનપુર પાતાળેશ્વર મંદિર ખાતે મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો.જેમાં ભક્તો વહેલી સવારથી મંદિર ખાતે આવી ગય હતા.અને શિવજીને દુધ,જળ સહીત બિલિનો અભિષેક કરી ભોળાનાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.તેમજ મંદિરના આયોજકો દ્વારા પણ શિવરાત્રના દિવસે ધજા ચડાવવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યમાં ભાવિક ભક્તો હાજર રહ્યા હતા.

મોડાસાની દિકરીનું એફકેટની પરીક્ષામાં રાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ પ્રદર્શન

મોડાસા, તા. ૧૨

મોડાસાની દીકરી ધારા પાટિલે એરફોર્સમાં ઓફિસર તરીકે પ્રવેશ આપતી રાષ્ટ્રીયસ્તરની પરીક્ષા એ.એફ.સી.એ.ટી (એરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ)માં ઉત્કૃષ્ટ દેખાવ કરીને મોડાસા (અરવલ્લી) તેમજ ગુજરાતનું નામ રોશન કર્યુ છે. આ પરીક્ષા દર વર્ષે બે વખત લેવામાં આવે છે જેના થકી વિદ્યાર્થી સંરક્ષણક્ષેત્રે એટલે કે એરફોર્સમાં ડાયરેકટ ઓફિસરસ્તરે પ્રવેશ મેળવી ઉજ્જવળ કારકિર્દીની શરૂઆત કરી શકે છે. જ્યારે આજનો વિદ્યાર્થી, ખાસ કરીને ગુજરાતમાં, સંરક્ષણ ક્ષેત્રની પરીક્ષા આપતા ખચકાય છે અથવા માહિતીના અભાવે આપી શકતા નથી ત્યારે આ વિદ્યાર્થિનીએ ના ફક્ત પરીક્ષા આપી પણ એમાં ખૂબ સરસ રીતે ઉત્તીર્ણ થઈ નવો ચિલો પાડ્યો છે. ધારા પાટિલએ પહેલેથી જ એરફોર્સ ઓફિસર બનવાનું સપનું સેવ્યું હતું એને તેના માટે કોલેજના સમયથી જ આ પરીક્ષા માટે તનતોડ મહેનત ચાલુ કરી હતી. ઉલ્લેખનીય છે કે ધારા પાટિલનું શાળાકીય શિક્ષણ ગુજરાતી માધ્યમમાં થયુ છે. વધુ સંરક્ષણ ક્ષેત્રે જોડાવા માટે જાગૃતિ ફેલાવતી ડિફેન્સ યુનિકોર્ન સંસ્થાની ગાંધીનગર સ્થિત શાખાનો આભાર માનતા જણાવ્યું હતું કે ડિફેન્સ યુનિકોર્ન સંસ્થાના વરિષ્ઠ અધિકારીઓનાં ઉચિત માર્ગદર્શન થકી તેમને આ પરીક્ષા સર કરવામાં સરળતા રહી હતી. ડિફેન્સ યુનિકોર્નના ગાંધીનગર શાખાના વડા હિતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે ''આજનો વિદ્યાર્થી ચીલાચાલુ કારકિર્દીથી અલગ કારકિર્દી પસંદ કરી સંરક્ષણ ક્ષેત્રે અને દેશની સેવામાં જોડાય એજ લક્ષ્ય સાથે આ સંસ્થા અવિરત પ્રયત્નશીલ રહી છે અને હંમેશા રહેશે.'' તથા જાણીતા કરિયર એક્સપર્ટ હાર્દિક પરીખે આ બાબતે મંતવ્ય આપતા જણાવ્યુ હતું કે વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ પ્રકારની પરીક્ષા વિષે માહિતી મેળવે અને ઉત્કૃઠ અને અલગ કારકિર્દી પસંદ કરે. આગળ આ વિદ્યાર્થિની હવે એ.એફ.એસ.બી. (એરફોર્સ સિલેક્શન બોર્ડ) માં ઉતીર્ણ થશે અને ત્યારબાદ તબીબી ચકાસણી બાદ ભારતીય વાયુ સેના (ઈંડિયન એરફોર્સ)માં ઓફિસર તરીકે જોડાઈ શકશે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે આજે રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો જેમા વૃધ્ધાશ્રમ ના વૃધ્ધો સહિત નગરજનો થઈ ને કુલ-૧૪૦ જેટલા લોકોને અર્બન હેલ્થ સેન્ટર ખાતે કોરોના ની રસી આપવામા આવી હતી. અર્બન હેલ્થના હાજર તબીબી ડાં. પ્રકાશચંદ્ર જી.પટેલ, આર. જે. ઝાલા, વિપુલભાઇ પટેલ, સીતાબેન રબારી સહિતની પ્રશંસનીય કામગીરી જોવા મળી હતી.

હરિયાળીના ભોગે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં એકબાજુ જુના અને જર્જરિત આવાસો તોડવામાં આવી રહ્યા છે. જોખમી મકાનો દુર કરીને નવા આવાસો બાંધવા માટે તબક્કવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધી શહેરના સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે સે-૬ માં નવા ટાવરો બાંધવામાં આવી રહ્યા છે. ત્યારે સે-૬ માં પણ નવા મકાનો બાંધવા માટે વૃક્ષોની કટોતી કરવાની ફરજ પડી હતી આવા સંજોગોમાં હજુ પણ સે-૨૯ માં નવા આવાસો બાંધવા માટે માર્ગ મકાન વિભાગે સાઈટ આખરી કરી છે. જયારે આ નવા ટાવરોના નિર્માણ પુર્વે આ સ્થળે વર્ષોથી સ્થિત આંબાવાડીની કટોતી કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાઈ છે જેની સામે સ્થાનિકોમાં પ્રબળ આક્રોશ ઉઠવા પામ્યો છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ સે-૨૯ માં વર્ષોથી આંબાવાડીયુ છે. હાલ આ સેકટરમાં છ અને ચ કક્ષાના મકાનોમાં કર્મચારીઓ વસવાટ કરી રહ્યા છે. સે-૨૯ નગરનુ ઐતિહાસિક સેકટર છે. જયાં પ્રથમ હોટલ કાર્યરત થઈ હતી. જયારે આંબાના વૃક્ષો સહીતન ઘટાટોપ હરિયાળીના લીધે આ સેકટર આકર્ષણનુ કેન્દ્ર બન્યુ હતુ. સેકટરમાં વિવિધ કક્ષાના ૧૪૭૨ આવાસો છે. સેકટરની વસતી આમ પણ વધુ છે. ત્યારે નવા આવાસો બાંધીને પર્યાવરણને નુકશાન કરવાની હરકતને અહીંથી જ અટકાવી દેવા પણ રજુઆત કરવામાં આવી છે. જુના ગાંધીનગરની નિતી સામે છેડછાડ ન કરવા માટે પણ મહામંડળે રજુઆત કરી છે.

અમૃત મહોત્સવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપણે ત્યાં તેનો મતલબ છે વફાદારી, વિશ્વાસ અને વફાદારી. ગાંધીજી આ દર્દને સમજ્યા, અને જન-જન સાથે સંકળાયેલી નાડીને પકડી, અને જોતજોતામાં જ આ આંદોલન દરેક ભારતીયનું આંદોલન બની ગયું, અને દરેક ભારતીયનો સંકલ્પ બની ગયો.

ધરણાં ખતમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ધરણા ખતમ થયા બાદ અમૃતસર અને દિલ્હી વચ્ચેની ટ્રેન સેવા ફરી શરુ થઈ છે.જેનાથી મુસાફરોને રાહત મળી છે અને કૂલીઓને પણ કામ મળવાનુ શરુ થયુ છે.

જોકે ખેડૂતો દિલ્હીની બોર્ડર પર હજી ધરણા ચાલુ રાખીને બેઠા છે અને નવેમ્બર મહિનાથી શરુ થયેલા ધરણા દિલ્હીની વિવિધ બોર્ડરો પર યથાવત છે.

ધીમી ગતિએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાકભાજીના પાકોનું વાવેતર ૨૪૫૩ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં ઉનાળુ પાકના વાવેતર માટે હજુ ખેતરોમાં ઘઉં અને અન્ય પાકો હોવાથી વાવણીમાં જોઈએ તેટલો વેગ આવ્યો નથી. હોળી પછી વાવેતરમાં વેગ આવશે તેમ ખેડૂતોનું કહેવુ છે.

પુનઃ વક્ર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહ્યા છે તેને લઈ તંત્રએ સઘન સર્વેલન્સ અને ઝડપી ટ્રેસીંગની સાથે ટ્રીટમેન્ટની કડક સૂચનાઓ જારી કરી છે.

જિલ્લામાં હવે એક્ટીવ કેસની સંખ્યા ૧૦૦ ના આંક પર પહોંચી છે. જો આજ રીતે વધવાનો ટ્રેન્ડ રહેશે તો તંત્રને આકરા પગલાં લેવાની ફરજ પડશે તેવી વિચારણા શરૂ કરવામાં આવી છે.